# આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના પવિત્ર જીવનની બોધદાયક નિરાળી વાતો

**સંકલન**

મુફતી ફરીદ અહમદ કાવી,

જામિઅહ જંબુસર

# પવિત્ર મૃખાવિંદ

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઘણાં જ સૌંદર્યવાન હતા. મધ્યમ કદ, રંગ ઘઉંવર્ણો, પહોળુ–ઉચું કપાળ, મોટું માથું, ભવાં વાંકા–વાળથી ભરેલા, કાળી આંખો, મોટી પાંપણો, ગાલ સફેદ, નાકમાં ચમક, પહોળું મોઢું, પાતળા હોટ, ભરાવદાર દાઢી અને ભપકાદાર અવાજ ધરાવતા હતા. આપના દોસ્તો આપના સૌંદર્યથી ઘણા પ્રભાવિત હતા. હઝ. અબ્દુલ્લાહ બિન સલામ (રદિ.) ઈસ્લામ પૂર્વે યહૂદીઓના મોટા વિદ્વાન હતા, એમણે જયારે પ્રથમવાર આપને જોયા તો તુરંત જ બોલી ઉઠયા કે "ખુદાના સમ! આ કોઈ જુઠા માણસનો ચહેરો નથી."

હઝ. જાબિર રદિ. ફરમાવે છે કે આપનું મુખડુ ચાંદ–સૂરજ જેમ ચમકદાર હતું. આપના એક અન્ય દોસ્ત વર્ણવે છે કે રાત્રે જયારે ચાંદ નીકળતો તો હું કદી ચાંદને જોતો અને કદી આપના મુખને, પરંતુ આપ મને ચાંદથી અધિક સૌંદર્યવાન લાગતા હતા.

હઝ. આઈશહ (રદિ.) ફરમાવે છે કે એક વાર કોઈએ કાળી ચાદર આપને ભેટ ધરી, પહેરી મને પુછયું : મને આ કેવી લાગે છે? મેં કહયું કે હે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ! આપનો ઉજળો વાન ચાદરની કાળાશ સાથે અને ચાદરની કાળાશ આપની ઉજ્જવળતા સાથે મળી ખીલી ઉઠયાં છે.

*સલલ્લાહુ અલયહિ વસલ્લમ.*

# નિરાલી વાતો

વધુ પડતા શાંત, જરૂરત વિના વાત નહિં, જયારે પણ બોલતા અટકી અટકી, વાકયોને જુદા કરી સાંભળનારને યાદ રહી જાય, એમ બોલતા, ઘણીવાર એક જ વાત ત્રણવાર બોલતા, શબ્દો જાણે માળામાં પરોવેલાં મોતી. સાંભળનારના હદય સોંસરવા ઉતરી જાય અને ગણી પણ શકાય એવા,

ઉપરાંત મીઠાશ તો ખરી જ.

પોતાના પર થયેલા અત્યાચારનો કદી બદલો નહીં, ઉલટાનું અત્યાચારી સાથે સદવર્તન દાખવતા.

સૌથી વધુ બુદ્ધિવાન અને માનસિક સજજતા ધરાવતા હતા. લડાઈઓમાં જીત, શત્રુના પ્રપંચથી બચી નીકળવું અને અન્ય વ્યવસ્થાકીય આદેશો–સુધારા એના સ્પષ્ટ પુરાવા છે.

આપનું કથન છે કે ચાર વાતો મારા સિવાય અન્યોને પ્રાપ્ત ન હતી : દાનવીરતા, બહાદૂરી, પૌરૂષત્વ અને શકિત.

કોઈ વિશે જયારે કોઈ અણગમાની વાત પહોંચતી તો એમ ન કહેતા કે ફલાણાને શું થઈ ગયું? બલકે એમ કહેતા કે લોકોને શું થઈ ગયું છે કે તેઓ આવું તેવું કરે છે?

*સલલ્લાહુ અલયહિ વસલ્લમ.*

## વિવેક

➡ મહેફિલમાં કદી પગ પસારી બેસતા નહિ.
➡ જે મળે તેને સલામ કરવામાં પહેલ કરતા.
➡ મુસાફહા માટે પ્રથમ હાથ લંબાવતા.
➡ કદી કોઈની વાત કાપતા નહિ.
➡ કદી રાત્રે ઘરમાં આવવાનું થતું તો એવી રીતે સલામ કરતા કે જાગૃત સાંભળી લે અને ઊંઘનારને ખલેલ ન પડે.
➡ પોતાના સેવકથી પણ તેની જરૂરતો વિષે પૃચ્છા કરતા રહેતા.
➡ હઝ. જાબિર (રદિ.) ફરમાવે છે કે આપ પોતાના સાથીઓની પાછળ ચાલતા.
➡ નફલ નમાઝ દરમિયાન જો કોઈ નજીક આવી બેસતો તો નમાઝ ટુંકાવી એની જરૂરત સંતોષતા હતા.

*સલલ્લાહુ અલયહિ વસલ્લમ.*

## હાસ્ય–વિનોદ

કદી ખિલખિલાટ હસતા ન હતા, મુસ્કાન જ આપનું હાસ્ય હતું, તહજ્જુદની નમાઝમાં ઘણીવાર રડી પડતા. વફાદાર દોસ્તના અવસાન સમયે પણ આંખોમાં અશ્રુ તરી આવતા, આપના ફરઝંદ હઝ.ઈબ્રાહીમ (રદિ.) દૂધ

પીવાની ઉંમરે જ અવસાન પામ્યા, જયારે એમને કબરમાં ઉતાર્યા તો આંખો ભરાઈ આવી, ફરમાવ્યું :–"આંખોમાં અશ્રુ છે, દિલ મહીં ગમ છે, પરંતુ પરવરદિગારને પસંદ વાત જ કહીશ, ઈબ્રાહીમ મને તમારા અવસાનથી રંજ થયો."

એક વાર હઝ. અબ્દુલ્લાહ બિન મસ્ઉદ રદિ. આપને કુર્આન સંભળાવી રહ્યા હતા, પઢતાં પઢતાં તેઓ જયારે એક આયત પર પહોંચ્યા તો આપે ફરમાવ્યું : બસ ઉભા રહો, તેમણે આંખ ઉઠાવી જોયું તો આપની આંખોથી અશ્રુધારા વહી રહી હતી.

*સલલ્લાહુ અલયહિ વસલ્લમ.*

## ખોરાક

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સરકો, મધ, હલ્વો, ઝૈતુનનું તેલ, અને દૂધ વિશેષ પસંદ ફરમાવતા હતા.

એક વાર હઝ. ઈમામ હસન રદિ. અને અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિ. હઝ. ઉમ્મે સલમા રદિ. પાસે ગયા અને અરજ કરી કે આજે અમને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ને ગમતું ખાવું ખવડાવો, તેમણે કહ્યું કે ભલા લોકો તમને એ ખાણું કેવી રીતે ભાવશે ? છતાં એમના આગ્રહને વશ થઈ જુવાર દળી હાંડી ચુલા પર મૂકી દીધી. ઉપરથી ઝૈતુનનું તેલ, જીરૂ, મરી નાખ્યાં, રાંધીને લોકો સમક્ષ મુકયું અને કહ્યું કે આ ખાણું આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ને અતિપ્રિય હતું.

સલલ્લાહુ અલયહિ વસલ્લમ.

## લિબાસ

ચાદર, ખમીસ અને લુંગી આપનું સામાન્ય પહેરણ હતું પાયજામો આપે પસંદ કર્યો, પરંતુ પહેર્યો નથી. યમની ચાદર વિશેષ પસંદ હતી.

પાઘડી વધુ પડતી કાળી પહેરતા અને નીચે માથાને ચોંટતી ટોપી પહેરતા. કદી પાઘડી ન હોતી તો કોઈ કપડું માથે વીંટાળી લેતા અને ટોપી સફેદ રહેતી.

પાથરણું ચામડાનું ગાદલું, જેમાં રૂના સ્થાને ખજૂરના પાંદડાઓ ભરવામાં આવતાં.

*સલલ્લાહુ અલયહિ વસલ્લમ.*

## સફાઈ

સફાઈ–સ્વચ્છતા આપનો પ્રિય ગુણ હતો, કોઈને મેલા ગંદા કપડાંમાં જોતા તો અને સ્વચ્છતાની તાકીદ કરતા. એકવાર જુમ્આના દિવસે આપ મસ્જીદમાં પધાર્યા, કામ કાજ કરનારા સહાબા મેલાં કપડે જ મસ્જીદમાં આવ્યા હતા, ગરમીના દિવસો હતા, પસીનો થયો તો મસ્જીદમાં પસીનાની દુર્ગંધ વર્તાવા લાગી, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : ન્હાયને આવવું સારૂં છે અને તે જ દિવસથી જુમ્આના દિવસે નહાવું શરીઅતનો આદેશ બની ગયો.

મસ્જીદની ભીંત પર કે જમીન પર થુંકવું આપને પસંદ ન હતું. જો કોઈ એમ કરતું તો સ્વયં લાકડી વડે તેને સાફ કરી દેતા. એકવાર ભીત પર થૂંક જોયું તો ક્રોધથી રાતા–પીળા થઈ ગયા, જયારે એક અન્સારી ઓરતે એને સાફ કરી ત્યાં ખુશ્બુ લગાવી દીધી તો ઘણાં જ ખુશ થયા.

એકવાર એક સહાબી રદિ. નમાઝ પઢાવી રહ્યા હતા, નમાઝમાં જ એમણે થુંકયું, આપે જોયું તો ફરમાવ્યું કે આ માણસ હવેથી નમાઝ પઢાવશે નહિં, દુર્ગંધવાળી વસ્તુઓને પણ આપ પસંદ ન કરતા, કાચા પ્યાઝ, લસણ, અને મૂળા ખાયને મસ્જીદમાં આવવાની મનાઈ હતી, આપનો આદેશ હતો કે ગાંડા માણસો પણ મસ્જીદમાં આવે નહિં.

અરબસ્તાનના ગામડિયા લોકો રસ્તામાં જ પેશાબ કરવા બેસી જતા, આપે એમને રોકયા, લોકોને રસ્તા પર જ કે ઝાડો નીચે કે પાણી ભરેલાં ખાડા ખાબોચીયા કે તલાવડીઓમાં પેશાબ કરવાથી રોકયા.

*સલલ્લાહુ અલયહિ વસલ્લમ.*

## રાત–દિવસનો નિત્યક્રમ

સવારની નમાઝ પઢી આપ જગા પર જ બેસી રહેતા, લોકોને નસીહત ફરમાવતા, જો કોઈ પોતાનું સપનું વર્ણવતું તો આપ એની તાબીર વર્ણવતા, દિવસ ચઢયે ઘરમાં જતા અને પોતાના કામો પતાવતા, ફાટેલાં કપડાં, જોડાં–ચંપલ સીવતા અને દૂધ દોહતા, ઈશા બાદ વાત–ચીત આપને પસંદ ન હતી, કદી સાદા બિસ્તર પર તો કદી કોઈ ચામડા કે ચટાઈ પર કે કદી એમ જ જમીન પર સૂઈ જતા, સૂતી વખતે થોડું કુર્આન પઢતા, પાછલા પહોરે વહેલા ઉઠી મિસ્વાક વુઝૂથી પરવારી આઠ રકાત તહજ્જુદની નમાઝ પઢતા અને કદી

તો આખી રાત્રિ જ નમાઝમાં પસાર કરી દેતા, ઘણી વાર તો રાત્રિભરની નમાઝોના કારણે પગો પર સોજો આવી જતો.

*સલલ્લાહુ અલયહિ વસલ્લમ.*

## મુલાકાત–સદવર્તન

જયારે કોઈથી મળતા તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સ્વયં પ્રથમ સલામ કરતા અને હાથ મિલાવતા અને જયાં સુધી સામેવાળો હાથ ન છોડાવતો આપ તેનો હાથ છોડતા નહિ. જો કોઈ માણસ કોઈ ખાસ વાત કાનમાં કહેવા ઈચ્છતો તો જયાં સુધી તે મોઢું હટાવી લેતો નહિ, ત્યાં સુધી આપ પણ ધ્યાનથી તેની વાત સાંભળતા.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ને મળવાની રીત એ હતી કે દરવાજે આવી અસ્સલામુ અલયકુમ કહી અંદર આવવાની રજા માંગવામાં આવે, જો કોઈ એમ કરતું નહિ તો આપ એને પાછો કરી દેતા એકવાર કુરૈશના એક સરદારે તેના ભાઈ જોડે દૂધ, હરણીનું બચ્ચું અને લાકડીઓ આપની સેવામાં મોકલ્યાં, તે માણસ આ ભેટો લઈ સીધો અંદર આવી ગયો, આપે તેને ફરમાવ્યું, જાઓ અને સલામ કરી અંદર આવો.

હઝ. જાબિર બિન અબ્દુલ્લાહ રદિ. આપની સેવામાં હાજર થવા આવ્યા અને દરવાજો ખખડાવ્યો, આપે અંદરથી પૂછયું કોણ? તેમણે જવાબમાં કહ્યું કે 'હું'. આપે ફરમાવ્યું: 'હું– હું' નહિં, તમારૂં નામ બતાવો.'

આપ જયારે કોઈને મળવા જતા તો દરવાજાની ડાબી–જમણી બાજુએ ઉભા રહી અસ્સલામુ અલયકુમ કહી રજા માંગતા, જો ઘરમાંથી આવવાની રજા ન મળતી તો પાછા વળી જતા.

એકવાર કોઈ માણસ આપની કોટડીની તિરાડોમાંથી ડોકયું કરતો નજરે પડયો, આપ ઉઠયા અને એની આંખ ફોડી નાંખવાનો ઈશારો કર્યો પછી ફરમાવ્યું : કોઈ માણસ રજા લીધા વગર તમારામાં ડોકયું કરે અને તમે કાંકરી મારી એની આંખ ફોડી નાંખો તો કોઈ વાંધો નથી.

*સલલ્લાહુ અલયહિ વસલ્લમ.*

## વિશેષ સેવક

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ના એક ખાદિમ હઝ. અબ્દુલ્લાહ બિન મસ્ઉદ રદિ. પણ હતા, એમણે સીધા આપથી જ કુર્આનની ૭૦ સૂરતો

શીખી મોઢે યાદ કરી હતી, સફરમાં આપની સંગાથે રહેતા આપના સૂવા–વુઝુ–મિસ્વાક વગેરેનો ખ્યાલ રાખતા. મજલિસથી ઉઠતા તો જોડા પહેરાવતા, રસ્તામાં લાકડી લઈ આપની આગળ આગળ ચાલતા.

હઝ. બિલાલ હબ્શી રદિ. પણ આપના વિશેષ સેવક અને મુઅઝ્ઝિન હતા. હઝ. અબૂબક્ર રદિ.એ એમને ખરીદી આઝાદ કર્યા ત્યારથી જ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં રહેતા હતા. ઘરની ઘણી જરૂરતો તેઓ પૂરી કરતા. બજારથી જરૂરી વસ્તુઓ લાવવી, કોઈથી ઉધાર લેવું, ચુંકવવું અન્યોને ખવડાવવું વગેરે...

હઝ. અનસ રદિ. પણ દસ વરસ આપની સેવામાં રહ્યા. લોકો પાસે આવવું જવું, નાના સામાન્ય કાર્યો અને વુઝૂના પાણીની વ્યવસ્થા આપની સેવા હતી, એકવાર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમના માટે દુઆ કરી કે ‘‘યા અલ્લાહ ! એને માલ પણ અધિક આપો અને અવલાદ પણ. અને જે કાંઈ આપો એમાં બરકત પણ આપો.’’

*સલલ્લાહુ અલયહિ વસલ્લમ.*

## સામાન્ય ટેવો

- ➡જમણા હાથે, જમણી તરફથી કામ કરવું આપની પ્રિય આદત હતી.
- ➡મસ્જીદમાં પણ પહેલા જમણો પગ મૂકતા.
- ➡જોડા પણ પહેલા જમણા પગે પહેરતા.
- ➡કોઈ ચીઝ વહેંચતા તો જમણી તરફથી આરંભ કરતા.
- ➡કોઈ પણ કાર્યના શરૂમાં બિસ્મિલ્લાહ જરૂર પઢતા.
- ➡કોઈ જગાએ બેસતા તો જોડા ચંપલ ઉતારી બેસતા.
- ➡કોઈનું નામ યાદ ન આવે કે જાણ ન હોય તો તેને અબ્દુલ્લાહ કહી બોલાવતા.
- ➡કોઈના ઘરે જતા તો દરવાજા સામે ઉભા ન રહેતા, બલકે ડાબે જમણે હટીને ઉભા રહેતા.
- ➡અંધારા ઘરમાં બેસતા નહીં
- ➡હમેંશા સરળ કાર્ય–વસ્તુને પ્રાથમિકતા આપતા.
- ➡ગુસલમાં સુંગંધી વસ્તુનો ઉપયોગ કરતા.
- ➡અપશુકન પસંદ ન કરતા.

*સલલ્લાહુ અલયહિ વસલ્લમ.*

## અશકતોનો ખ્યાલ

આપના એક પત્નિનું નામ હઝ. સફિય્યહ રદિ. હતું. એકવાર સફરમાં તેઓ સંગાથે હતા, એમની આદત હતી કે પૂરા શરીરને ચાદરથી ઢાંકી ઊંટ પર પાછળ બેસી જતાં, જયારે તેઓ સવાર થવા ઈચ્છતાં તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતાનો પગ આગળ કરી દેતા, તેઓ એનો સહારો લઈ ઊંટ પર સવાર થઈ જતાં, એકવાર ઊંટણીનો પગ લપસી પડયો તો આપ અને તેઓ બંને પડી ગયાં, આ જોઈ હઝ. અબૂ તલ્હા રદિ. આપની સહાય માટે દોડયા, આપે એમને ફરમાવ્યું: પહેલાં ઓરતની ખબર લો.

એક વાર સફરમાં હતા, એક માણસ દુબળા પાતળા ઉંટ ઉપર આવ્યો અને ડાબે જમણે દ્રષ્ટિ ફેરવવા લાગ્યો, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું: જેની પાસે વધારાની સવારી હોય તે એને આપી દે,જેની પાસે વધારે ભાથું હોય, તે અન્યોની સહાય કરે. પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ કે પછી એક દરેક વસ્તુઓનું નામ નામ લઈ આવું કેહતા રહયા, એટલે સુધી કે અમને લાગ્યું કે વધારાની કોઈ વસ્તુમાં અમારો અધિકાર છે જ નહિ.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું ફરમાન છે કે મુસલમાનોનું સુંદર ઘર તે છે, જેમાં યતીમ સાથે સદવર્તન દાખવવામાં આવે અને જેમાં યતીમ જોડે ર્દુવ્યવહાર કરવામાં આવે, તે સૌથી ભુંડું ઘર છે.

અબ્દુલ્લાહ બિન અબી અવફા (રદિ.) કહે છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અત્યાધિક અલ્લાહનો ઝિક્ર કરતા, વાતો ઓછી કરતા, નમાઝ લાંબી પઢતા, ખુત્બો ટુંકો આપતા, અને ગરીબો – બેવાઓ જોડે ચાલવામાં શરમ ન અનુભવતા અને એમની જરૂરતો પૂરી ફરમાવતા.

*સલલ્લાહુ અલયહિ વસલ્લમ.*

## રહમ–કરમ

હઝ. આઈશાહ રદિ. ફરમાવે છે કે ''કદી આપે કોઈનાથી વ્યકિતગત બદલો નથી લીધો.''

ઉહદની લડાઈમાં શત્રુઓએ આપના દાંત શહીદ કરી દીધા, માથું ફોડયું, હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એક ખાડામાં પડી ગયા, આપના દોસ્તોએ આપથી દરખાસ્ત કરી કે આવા શત્રુઓ માટે બદુઆ કરો, પરંતુ આપનો જવાબ હતો:– હું લઅનત– ધિક્કાર માટે નથી, હું તો લોકો માટે

રહમત છું. લોકોને અલ્લાહ તરફ બોલાવું છું. પછી આપે દુઆ ફરમાવી : "હે અલ્લાહ ! મારી કોમને હિદાયત આપ, તે મને જાણતી નથી."

આપ એકવાર એક ઝાડ નીચે આરામ ફરમાવી રહ્યા હતા, આપની તલવાર ઝાડની ડાળીએ લટકી રહી હતી, એટલામાં એક દુશ્મને આવી તે તલવાર ઉતારી લીધી અને અપમાનજનક રીતે આપને ઉઠાડી કહ્યું કે હવે તને કોણ બચાવી શકે છે, આપે અત્યંત શાંતિથી કહ્યું કે "અલ્લાહ", શત્રુ આટલા જવાબ માત્રથી કાંપી ગયો અને તલવાર હાથથી છૂટી ગઈ, હવે આપે તલવાર ઉઠાવી પુછયું કે હવે તું બતાવ તને કોણ બચાવી શકે છે ? અને પછી આપે એને માફ કરી દીધો.

આપ ફરમાવતાઃ– જે બીજાઓ ઉપર રહેમ નથી કરતો, એના ઉપર પણ રહમ કરવામાં આવશે નહિં.

*સલલ્લાહુ અલયહિ વસલ્લમ.*

## સહનશીલતા–સંયમ

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના માથે એક માણસનું દેવું હતું, એક દિવસ તે માંગવા આવ્યો અને આવતાં જ ખભ્ભેથી ચાદર ખેંચી, કપડાંઓ પકડી કહેવા લાગ્યો, તમારા ખાનદાનવાળા કદી સમયસર કરજ ચૂકવતા નથી. હઝ. ઉમર રદિ. તેને જોઈ તેના ઉપર ગુસ્સે થઈ ગયા, પરંતુ આપ હસી પડયા અને ફરમાવ્યું : હે ઉમર ! અમે બંને જોડે તમારે સારી રીતે વર્તવું જોઈએ. મને કરજ અદા કરવાનું અને એને સારી રીતે ઉઘરાણી કરવાની નસીહત કરવી જોઈએ.

પછી હઝ. ઝૈદ રદિ.ને આપે ફરમાવ્યું, હજુ વાયદાના દિવસો પૂરા થવામાં ત્રણ દિવસ બાકી છે અને છેલ્લે હઝ. ઉમર રદિ. ને આદેશ આપ્યો એનું કરજ ચૂકવી દો, અને કંઈક વધુ આપજો કે તમે એને ધમકાવ્યો પણ હતો.

એક ગામડિયો આપની સેવામાં આવ્યો, એટલા જોરથી ચાદરથી ખેંચી કે ગળામાં ચાદરના નિશાન પડી ગયાં. પછી કહ્યું :– હે મુહંમદ ! તારી પાસે જે માલ છે તે તારા બાપનો નથી, એ તો ખુદાનો છે. મને પણ એમાંથી એક ઊંટનો બોજ આપો, આપ થોડીવાર ખામોશ રહ્યા, પછી ફરમાવ્યુંઃ–સાચે જ આ અલ્લાહનો માલ છે, હું અલ્લાહનો ગુલામ છું, આ એક ઊંટ જેટલું ખજૂર અને જુવાર આપી દયો.

આપ જયારે લોકોને ઈસ્લામની દઅવત માટે તાઈફ ગયા હતા, તો ત્યાંના લોકોએ આપ ઉપર કીચડ ફેકયું, એટલા પથ્થરો માર્યા કે આપ લોહી લુહાણ થઈ ગયા, બૂમ બરાડા પાડી આપની ઠેકડી ઉડાવી, છતાં આપે ફકત એટલું જ કહ્યું :– હું આ લોકોની તબાહી ઈચ્છતો નથી, તેઓ નહિ તો એમની અવલાદ ઈસ્લામ અંગીકાર કરશે.

*સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ*

## રહમત–કૃપા–દયા

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સમસ્ત વિશ્વ, સઘળા દેશો, પ્રદેશો, લોકો, સમૂહો, સમુદાયો અને જ્ઞાતિઓ–જાતિઓ માટે અલ્લાહ તરફથી રહમતનું કેન્દ્ર બનાવવામાં આવ્યા હતા. દેશ–પ્રદેશ, રંગ–ભાષા અને જ્ઞાતિ–જાતિનો ભેદભાવ મિટાવી દરેકની જીભે ફકત એક કલિમહ લાઈલાહ ઈલ્લલ્લાહ, મુહમ્મર્દુરસૂલુલ્લાહ નું રટણ ચાલૂ કરી દીધું.

આપના દરબારમાં એક સહાબી ઉસ્માન બિન તલ્હા હતા, પ્રવિત્ર કાબા શરીફની કુંજી તેમની પાસે રહેતી હતી, અરબના લોકો એમનું ઘણું જ માન–સન્માન જાળવતા.

આપના દરબારમાં અબ્દુલ્લાહ બિન સલામ પણ હતા તેઓ હઝ. યુસુફ અલૈ.ના વંશજ હતા, અરબના સઘળા યહૂદીઓ એમને સરદાર અને પેશ્વા રૂપે માનતા હતા.

આ જ દરબારમાં હિરમહ બિન અનસ પણ હતા, સઘળા આસમાની ગ્રંથોના જાણકાર, શામ અને બયતુલ મુકદ્દસના જાણકાર, હરકયુલસ રૂમી રાજાના દરબારમાં પણ આપનું ઘણું માન હતું, અરબના સઘળા ઈસાઈઓ એમને લાટ પાદરી માનતા હતા.

આ બધા જ સ્પષ્ટ શબ્દોમાં એકરાર કરતા થઈ જાય છે કે અલ્લાહ સિવાય કોઈ માબૂદ નથી, મુહમ્મદ અલ્લાહના રસૂલ છે, હઝ. ઈસા અલૈ. અલ્લાહના બંદા અને મરયમ અલૈ.ના પુત્ર છે.

અહિંયા ઈરાની જમીનદારના એકના એક પુત્ર સલમાન પણ છે. પારસી–અગ્નિપૂજક હતા, પરંતુ અગ્નિની આરાધના એમના અંતરમાં ભડકેલ સત્ય શોધની અગ્નીને રાહ ન બતાવી શકી, તો ઈસાઈ બની ગયા; પરંતુ તે છતાં સત્યનો છેડો હાથ ન લાગ્યો, અંતે ઈરાનથી શામ, શામથી ઈરાક

અને ઈરાકથી હિજાઝ પહોંચ્યા અને મદીનાની ધરતી પર આવી જોઈતું સઘળું મેળવી પાવન થઈ જાય છે.

અહિંયા તમને એક તરફ ખલિદ બિન વલીદ દેખાશે, મોટા લડવીર–શુરવીર, ઉહુદમાં શત્રુપક્ષે હતા તો મુસલમાનોને ભારે થઈ પડયા હતા અને આજે લા ઈલાહ પઢતાં માંગણી કરે છે કે 'લાત' અને 'ઉઝઝા' ની મુર્તિઓ તોડી પાડવાની પરવાનગી આપવામાં આવે.

એક તરફ ઝુન્નજાદૈન રદિ. છે. ઘર–બાર, સઘળો કારોબાર છોડી શરીરે બે ધાબળા વીંટાળી ફરે છે, બાવળના કાંટાથી સાંધા જોડયા છે અને એમાં જ ખુશ છે.

આ બધા જ રસૂલુલ્લાહની કૃપા દષ્ટી રહેમ નજરના પરિણામો છે, એક કલિમહની નેઅમત આપી બધાને કુંદન કરી દીધા.

*સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ*

# પંદર વાતો

'અઝદ' કબીલાનું એક પ્રતિનિધિ મંડળ એકવાર આપની સેવામાં પધાર્યું, જેમાં કુલ સાત માણસો હતા. એમનો પહેરવેશ અને ચાલ–ઢાલ આપને યોગ્ય જણાંયાં, આપે તેમને પુછયુ : તમે કોણ છો ? તેમણે કહ્યું કે અમે મો'મિન છીએ. આપે પુછયું કે તમારા ઈમાનનો મતલબ શું છે ? એમણે જવાબ આપ્યોઃ અમે પંદર વાતોને અનુસરીએ છીએ. પાંચ વાતોને દિલથી માનવા અને પાંચ વાતો ઉપર અમલ કરવાનો આદેશ અમને તમારા જ માણસોએ આપ્યો છે, બાકીની પાંચ વાતો અમે પૂર્વેથી જ અનુસરતા આવ્યા છીએ.

દિલથી માનવા–સ્વીકારવાની પાંચ વાતો આ છે :– અલ્લાહ ઉપર, ફરિશ્તાઓ ઉપર, અલ્લાહની કિતાબો ઉપર, અલ્લાહના રસૂલો ઉપર, અને મરવા બાદ ફરી જીવંત થવા ઉપર ઈમાન ધરાવવું.

કરવાના પાંચ કામો આ પ્રમાણે અમને બતાવવામાં આવ્યાં છે :– લા ઈલાહ ઈલ્લલ્લાહ કહેવું, પાંચ સમયની નમાઝ પઢવી, ઝકાત આપવી, રમઝાન શરીફના રોઝા રાખવા અને શકિતશાળી માણસે હજ કરવી.

બાકીની પાંચ વાતો જેને અમે પૂર્વેથી જ અનુસરતા આવ્યા છીએ, તે

આ છે :– રાહતમાં શુક્ર કરવો, મુસીબત ટાણે સબ્ર કરવો, અલ્લાહના ફેસલા પર ખુશ રહેવું, કસોટી વેળા સત્યને વળગી રહેવું અને શત્રુને હસવાની તક ન આપવી.

આપે આ સાંભળી ફરમાવ્યું કે જેમણે તમને આ વાત શીખવાડી તે વિદ્વાન અને જ્ઞાની હતા. એમની વિદ્વતાભરી વાતોથી ફલિત થાય છે કે તેઓ જાણે પયગમ્બર હોય. હવે બીજી પાંચ વસ્તુઓ વધુ યાદ કરી પૂરી વીસ કરી લો.

–જે વસ્તુ ખાવાની ન હોય, એને ભેગી કરશો નહીં.

–જે મકાનમાં રહેવું ન હોય, એને બનાવશો જ નહિ.

–જે વાતો કાલે છુટી જવાની છે, એમાં હરીફાઈ ન કરો.

–અલ્લાહથી ડરો, એની પાસે પાછા જવાનું છે.

–આખિરતમાં કામ આવે એવી વસ્તુઓનો શોખ રાખો, ત્યાં હંમેશા રહેવાનું છે.

*સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ.*

## બીમાર પુર્સી

બીમારના ખબર અંતર પુછવાની આપને પહેલેથી જ આદત હતી. મક્કાના શત્રુઓ બીમાર પડતા તો એમના પણ ખબર અંતર પુછતા.

બીમાર પાસે જઈ બેસતા અને શાંત્વન આપતા કહેતા કે આ બીમારીથી તમારા ગુનાહો ધોવાય જશે.

બીમારથી પુછતા કે કોઈ ઈચ્છા છે ? જો કોઈ હાનિકારક વસ્તુ ન હોતી તો એની વ્યવસ્થા કરી દેતા.

એક યહૂદી છોકરો આપની સેવા કરતો હતો એકવાર તે બીમાર પડયો તો આપ તેને ખબર અંતર પુછવા પણ ગયા હતા.

આપનો ઈર્શાદ છે કે બીમારની ખબર લ્યો તો એને વધુ લાંબુ જીવવાની આશા બંધાવો, થવાનું તો તે જ છે જે નક્કી છે, પરંતુ તમારા આમ કરવાથી બીમારને રાહત મળશે.

*સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ.*

## બાળકો સાથે

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ બાળકોથી ઘણો જ પ્રેમ

ધરાવતા હતા, આપ કહેતા કે જે બાળકો પ્રત્યે હેત ન દાખવે અને મોટેરાંઓ પ્રતિ માન ન દર્શાવે તેની ગણના મુસલમાનોમાં નથી.

જયારે આપ બાળકો પાસેથી પસાર થતા તો સ્વંય સલામમાં પહેલ કરતા.

સફરેથી પરત ફરતી વેળા રસ્તામાં રમતા બાળકોમાંથી કોઈ એકને સવારી ઉપર આગળ પાછળ બેસાડી લાવતા.

હજ માટે જયારે આપ ગયા તો બનૂ હાશિમના બોળકોએ આપનું સ્વાગત કર્યુ, આપે ખુશ થઈ એમને ઊંટણી પર આગળ પાછળ બેસાડી લીધાં.

અબ્દુલ્લાહ બિન જઅફર (રદિ.) કહે છે કે એકવાર સફરેથી પરત ટાણે હું આપને મળવા આગળ ગયો, આપે મને રસ્તામાંથી ઊંટ પર આગળ બેસાડી લીધો, થોડી વાર પછી ફાતિમહ (રદિ.)નો પુત્ર આવ્યો તો એને પણ પાછળ બેસાડી લીધો.

એકવાર ખાલિદ બિન સઈદ આપની સેવામાં હાજર થયા, સાથે લાલ કપડાં પહેરેલી એમની પુત્રી પણ હતી, આપે તેને જોઈ ખુશ થઈ ફરમાવ્યુંઃ ઘણું જ સુંદર, ઘણું જ સુંદર, તેણી આપની મહોરથી રમવા લાગી તો પિતા ખાલિદ એને ધમકાવવા લાગ્યા, પરંતુ આપે કહ્યું કે ''એને રમવા દો.''

એકવાર આપની પાસે એક કાળી ચાદર કયાંકથી આવી, આપે લોકોથી પુછયું કે આ ચાદર કોને આપવામાં આવે ? લોકો ચુપ રહ્યા, આપે ફરમાવ્યુંઃ ખાલિદ બિન સઈદ રદિ.ની પુત્રીને લાવો, તેણી આવી તો એને ઓઢાડી બે વાર ફરમાવ્યુંઃ પહેર અને જૂની કર, ચાદર ઉપર જે ફુલ વેલા હતાં, આપ તેને બતાવી કહેતાઃઉમ્મે ખાલિદ, જો આ કેટલું સુદર છે, આ કેટલું રૂપાળું લાગે છે.

ઉમ્મે કૈસ બિન્તે મિહસન કહે છે કે હું મારા પુત્રને લઈ આપની સેવામાં હાજર થઈ, મારો પુત્ર હજુ ખાતો ન હતો, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તેને પોતાના ખોળામાં બેસાડયો, તેણે આપ ઉપર પેશાબ કરી દીધો, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પાણી મંગાવ્યું અને પેશાબ વાળી જગ્યા ધોઈ નાંખી.

હઝરત અનસ રદિ.નાના બાળક હતા અને આપની સેવા ચાકરી કરતા હતા, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મહોબ્બત અને મજાકમાં એમને ''બે કાનવાળા'' કહેતા.

હઝરત અનસ રદિ.ફરમાવે છે કે એક દિવસ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મને કોઈ કામ માટે મોકલ્યો, મોઢેથી તો મેં એમ કહ્યું કે ખુદાના સમ, હું જઈશ નહિં; પરંતુ મારા દિલમાં હતુ કે હું એ કામ જરૂર કરીશ. હું આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસેથી નીકળ્યો, રસ્તામાં બાળકો રમતા જોયા તો હું પણ તેમની સાથે રમવા લાગ્યો, થોડીવાર પછી કોઈએ પાછળથી મારી ગરદન પકડી લીધી, મેં પાછળ જોયું તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હતા આપે ફરમાવ્યું કે જાઓ, જે કામ તમને સોંપ્યું છે તે પુરૂં કરો.

હઝરત અનસ રદિ.એ દસ વરસ સુધી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવા કરી, તેઓ કહે છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ન કદી એમ કહ્યું કે આ કામ તમે કેમ કર્યું નહિં, ન કદી કોઈ અણગમો વ્યકત કર્યો.

એક સહાબી વર્ણાવે છે કે બાળપણમાં હું ખજૂરના બાગોમાં જઈ પથ્થરો વડે ખજૂરો પાડતો, લોકો એકવાર મને પકડી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે લઈ ગયા, આપે પુછયું કે પથરા શા માટે મારો છો ? મેં કહ્યું કે ખજૂરો ખાવા માટે, આપે ફરમાવ્યું જે ખજૂરો નીચે પડેલી હોય છે, તે જ ખાય લો, પથરાઓ ન મારો, આમ કહી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મારા માથે હાથ ફેરવી મને દુઆ આપી.

એકવાર એક ઓરત હઝ. આઈશહ રદિ.ની સેવામાં આવી, સાથે બે નાની છોકરીઓ હતી. હઝ. આઈશહ રદિ. પાસે એ વેળા કંઈ હતું નહિં, ફકત એક ખજૂર પડી હતી, તે ઉઠાવી એને આપી, તે ઓરતે એ ખજૂરના બે ટુકડા કરી બંને છોકરીઓને આપી દીધા, પછી જયારે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ બહાર આવ્યા તો હઝ. આઈશહ રદિ.એ આ ઘટના વર્ણવી, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું, જે માંને અલ્લાહ તઆલા અવલાદની મહોબ્બત અર્પણ કરે અને તેણી અવલાદનો હક પુરો અદા કરે તો દોઝખથી બચી જશે.

આપ ફરમાવતા કે હું નમાઝ પઢાવવાનું શરૂ કરૂં છું, મારો ઈરાદો નમાઝ લાંબી કરવાનો હોય છે, એટલામાં બાળકના રડવાની અવાજ સાંભળી ટુંકાવી દઉં છું કે એની માને તકલીફ ન થાય.

આપની આદત હતી કે ૠતુનું નવું ફળ પહેલીવાર આપ પાસે આવતું તો ઉપસ્થિતોમાં જે સૌથી નાનું બાળક હોય, તેને આપી દેતા.

એકવાર આપ બાળકોથી પ્યાર કરી રહ્યા હતા, એક ગામડિયો આવી કહેવા લાગ્યો, તમે બાળકોથી પ્યાર કરો છો, મારા તો દસ બાળકો છે, મેં એકેયથી પ્યાર દાખવ્યો નથી, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું જો અલ્લાહે તમારા દિલમાંથી મહોબ્બત છીનવી લીધી છે તો હું શું કરૂં ?

જાબિર બિન સમુરહ રદિ.એક સહાબી છે, તેઓ તેમના બાળપણની ઘટના વર્ણવતા કહે છે કે એકવાર મેં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાછળ નમાઝ પઢી, નમાઝથી પરવારી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતાના ઘર તરફ જવા લાગ્યા, હું પણ સાથે થઈ ગયો, એટલામાં કયાંકથી અમુક બાળકો આવી ચડયા, આપે દરેકથી હેત–પ્યાર કર્યો અને મારા પ્રત્યે પણ હેત દર્શાવ્યું.

હિજરત વેળા આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ જયારે મદીનામાં પ્રવેશી રહ્યા હતા, ત્યારે અન્સારની નાની બાળકીઓ બારણે આવી ખુશીથી ગીતો ગાતી હતી. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એમની પાસેથી પસાર થયા તો ફરમાવ્યું :– છોકરીઓ શું તમે મુજથી મહોબ્બત રાખો છો? છોકરીઓએ કહ્યું કે, હા ! યા રસૂલલ્લાહ, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે હું પણ તમારાથી મહોબ્બત કરૂં છું.

હઝરત અનસ રદિ.ના નાના ભાઈનું નામ અબૂ ઉમૈર હતું, તેમણે એક પક્ષી પાળ્યું હતું. એક દિવસ તે મરી ગયું, જેનાથી અબૂ ઉમૈરને ઘણો આઘાત લાગ્યો, આપે એમને ગમમાં જોયા તો પુછયું કે હે અબૂ ઉમૈર! તમારા પેલા પક્ષીનું શું થયુ ?

હઝરત હસન અને હુસૈન રદિ.થી આપને ઘણી મહોબ્બત હતી, આપ જયારે હઝ. ફાતિમહ રદિ.ના ઘરે જતા તો કહેતા કે મારા બાળકોને બોલાવો, હઝ. ફાતિમહ રદિ. તેમને લાવતાં તો આપ એમને સુંઘતા અને એમનાથી પ્યાર કરતા.

એકવાર આપ કયાંક દાવતમાં જઈ રહ્યા હતા, હઝ. હુસૈન રદિ. રસ્તામાં રમી રહ્યા હતા, આપે એમને જોયા તો આગળ વધી હાથ પહોળા કર્યા, તેઓ હસતાં હસતાં પાસે આવતા અને નીકળી જતા, આખરે આપે એમને પકડી લીધા અને ફરમાવ્યું :–હુસૈન મારો છે, અને હું હુસૈનનો છું

આપના એક સાહબઝાદા હઝ. ઈબ્રાહીમ પણ હતા, તેઓ મદીનાથી ચાર માઈલ દૂર તેમની માં પાસે રહેતા હતા, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એમને જોવા–ખબર અંતર પુછવા પગપાળા ત્યાં જતા, ત્યાં ઘર ધુમાડાઓથી ભરેલું હોતું, તો પણ અંદર જતા અને બાળકને લઈ તેનું હાથ–મોં ચુમતા હતા. સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ.

અને અંતે ...

–આપનું સમસ્ત જીવન સદાચાર, સદકાર્યો, સદવર્તન અને સદવાણીમાં વિત્યું.

–જીવન સમસ્ત કુર્આન અને ઈસ્લામને ફેલાવવામાં ખપાવી દીધું.

–શત્રુઓના ઘણા કષ્ટોનો સામનો કર્યો, પરંતુ કદી બદુઆ કરી નહિં.

–આપ લડાઈના કરતબના સારા જાણકાર અને લડવૈયા હતા.

–જ્ઞાન આપને પ્રિય હતું, જીવનભર એના પ્રસાર માટે પ્રયત્નો કર્યા.

–ઘરના કામો સ્વંમ અંજામ આપતા.

–જયારે આપની વફાતની અંતિમ વેળા હતી, તો આપના મુખે શબ્દો હતા : નમાઝ...નમાઝ....

*સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ.*

●નબીએ કરીમ

સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છેઃ

''તમને કુદરતી મોત આવે તે પહેલાં તમે મરી જાઓ.''

અર્થાત જેમ મરેલો માણસ કબરમાં પહોંચવાની સઘળી કાર્યવાહી દરમ્યાન બીજાને આધીન હોય છે, લોકો એને જેમ ચાહે તેમ ગુસલ આપતી વેળા ઉઠાડે, બેસાડે, સુવાડે અને નવડાવે છે, મરનારની સ્વેછાને ત્યાં અવકાશ નથી હોતો, એ જ પ્રમાણે જીવન દરમ્યાન પણ માણસે પોતાને, તેના શરીરને, અવયવોને, સંપુર્ણ રીતે અલ્લાહના આદેશો અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સુન્નતોને આધીન કરી દેવા જોઈએ. અને દરેક સમયે દરેક કામ વિશે વિચારતા રહો. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છેઃ '' અલ્લાહ તરફથી તમારી તપાસ કરવામાં આવે તે પહેલાં સ્વંય તમે તમારા આમાલની તપાસ કરતા રહો.''

*(તિરમિઝી)*